(1) 'NSIL' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ છે.
(2) તેનું નિયમન ઈસરો દ્વારા કરવામાં આવે છે.
(3) તે ઈસરોની કોમર્શીયલ બાજુ છે.
(4) તેનું વડુંમથક બેંગાલુરૂમાં આવેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ NSILનું પૂરુંનામ ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ભારત સરકારનું જાહેર ક્ષેત્રનું એકમ છે.

⇛ તેની સ્થાપના વર્ષ 2019માં કરવામાં આવી હતી.

⇛ તે અવકાશ વિભાગના નિયમન હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સંસ્થાનું વડુંમથક બેંગાલુરૂમાં આવેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તે ઈસરોની કોમર્શીયલ બાજું છે. તેની પ્રાથમિક જવાબદારી ભારતીય ઉદ્યોગો હાઈ–ટેક્નોલોજી અવકાશ ક્રિયાઓ હાથમાં લે તે માટે તેમને સહાય કરવાની છે. તથા તે સ્પેસ ઉદ્યોગના કોમર્શીયલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પણ જવાબદાર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ‘વિજ (સુધારણા) બિલ, 2020’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ બિલ દ્વારા વિજ અધિનિયમ, 2003માં સુધારો કરવામાં આવશે.

(2) વિજ ક્ષેત્રમાં કોમર્શીયલ ક્રિયાઓ અને રોકાણ માટેની અડચણો દૂર કરવામાં આવશે.

(3) પારદર્શકતા તથા જવાબદારીતા લાવવામાં આવશે.

(4) ‘ગ્રીન પાવર’ને પ્રોત્સાહન મળશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ કેન્દ્ર સરકાર દ્વારા વિજ અધિનિયમ, 2003માં સુધારો કરવા માટે ‘વિજ (સુધારણા) બિલ, 2020’ રજૂ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ બિલ રજૂ કરવાના હેતુઓ :

- વિજ ક્ષેત્રમાં કોમર્શીયલ તથા રોકાણ માટેની ક્રિયાઓ સમક્ષની અડચણોને દૂર કરવામાં આવશે. જેથી આ ક્ષેત્ર મજબૂત બની શકે. (આથી, વિધાન (2) સાચું છે.)
- પારદર્શકતા અને જવાબદારીતા લાવી શકાશે. (આથી, વિધાન (3) સાચું છે.)
- ગ્રાહક કેન્દ્રિયતા જળવાઈ રહેશે.
- ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન મળશે.
- ઊર્જા ક્ષેત્રની ટકાઉક્ષમતા વધારી શકાશે.
- ‘ગ્રીન પાવર’ને પ્રોત્સાહન મળશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) કોરીઅન યુદ્ધ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) 'યાલ્તા પરીષદ' દ્વારા આ યુદ્ધમાં શાંતિ સ્થાપવામાં આવી હતી.

(2) શરૂઆતમાં સોવિયેત યુનિયન અને ત્યારબાદ ચીન, ઉત્તર કોરીઆના પક્ષમાં હતું.

(3) 38 પેરેલલ દ્વારા બન્ને દેશો અલગ પડે છે.

(4) શાંતિ સમજૂતિ વગર સીઝફાયર સ્વીકારવામાં આવ્યું હતું.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 25 જૂનના રોજ ઉત્તર તથા દક્ષિણ કોરીઆ દ્વારા કોરીઅન યુદ્ધના શરૂઆતના દિવસની 70મી વર્ષગાંઠને યાદ કરવામાં આવી હતી.

⇛ 1910 થી 1945 સુધી સમગ્ર કોરીઆ પર જાપાનનું સામ્રાજ્ય હતું. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર થતાં 'એલાઈડ ફોર્સ' દ્વારા 'યાલ્તા પરીષદ'માં નક્કી કરવામાં આવ્યું હતું કે, કોરીઆ પર 4 સત્તાઓની ટ્રસ્ટીશીપ લગાડવી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ પરંતુ, સોવિયેત યુનિયને કોરીઆ પર હુમલો કર્યો અને ઉત્તર ભાગનો કબ્જો મેળવ્યો. દક્ષિણ ભાગ એલાઈડ સત્તાના હાથમાં રહયો. આ બન્ને ભાગ 38 પેરેલલથી અલગ પડે છે, જે હજુ પણ બન્ને કોરીઆ વચ્ચેની સરહદ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ 25 જૂન, 1950 એ ઉત્તર કોરીઆએ દક્ષિણ કોરીઆ પર હુમલો કર્યો અને કોરીઅન યુદ્ધ શરૂ થયું. ઉત્તર કોરીઆને શરૂઆતમાં સોવિયેત યુનિયન અને ત્યારબાદ ચીનની મદદ તથા પક્ષ મળેલો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ યુદ્ધ ઔપચારિક રીતે કદી અંત પામ્યું નથી કારણ કે, કોઈ પણ શાંતિ સમજૂતિ વગર જ સીઝ ફાયર સ્વીકારવામાં આવેલું હતું. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ઓઝોન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) સપાટીના સ્તરે રહેલો ઓઝોન માનવીના આરોગ્યને વિપરીત અસર કરી શકે છે.

(2) કેટલાંક વાહનો, વિમાનો અને વિશિષ્ટ ઉદ્યોગોમાંથી ઓઝોનનું ઉત્સર્જન પ્રત્યક્ષ રીતે થતું હોય છે.

(3) ભારતમાં ઓઝોનના પ્રદૂષણનું સ્તર શિયાળામાં વધુ હોય છે.

(4) સૂર્યપ્રકાશને ઓઝોનના નિર્માણ સાથે સિધો સંબંધ છે.

(A) માત્ર (1) અને (2)    (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)    (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (CSE)ના જણાવ્યા અનુસાર, ભારતના કેટલાંક શહેરોમાં ઓઝોનના સ્તરમાં વધારો થઈ રહયો છે.

⇛ ઓઝોન સ્તરમાં રહેલો 'સારો' ઓઝોન માણસને પારજાંબલી કિરણો સમક્ષ રક્ષણ આપે છે. પરંતુ, પૃથ્વીની સપાટી પાસે રહેલો ઓઝોન માનવીના આરોગય પર વિપરિત અસર કરી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ જે લોકોને શ્વાસની સમસ્યા હોય કે અસ્થમાં હોય તેમને એક કલાકના ઓઝોન સાથેના ટૂંકા સંપર્કથી ગંભીર અસર થઈ શકે છે.

⇛ ઓઝોન કોઈપણ સ્ત્રોતમાંથી પ્રત્યક્ષ રીતે ઉત્સર્જિત થતો નથી પરંતુ નાઈટ્રોજનના ઓકસાઈડ તથા અન્ય વોલાઈટલ ઓર્ગેનીક કમ્પાઉન્ડ (VOCs) એકબીજા સાથે સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રક્રિયા કરતાં ઓઝોનનું નિર્માણ થાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં ઓઝોન મુખ્યત્વે ઉનાળાની અથવા તડકાના વાતાવરણની સમસ્યા છે. સપાટી પરના ઓઝોનનું નિર્માણ સૂર્યપ્રકાશ સાથે સિધો સંબંધ ધરાવે છે. આથી, ઉનાળા દરમિયાન ઓઝોનનું પ્રમાણ વધુ જોવા મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે, જ્યારે વિધાન (4) સાચું છે.)

⇛ ઉપરાંત હીટવેવના કારણે પણ ઓઝોનના સ્તરમાં વધારો થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) કોકોલિથોફોર (Coccolithophores) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પ્રકારની આલગી (લીલ/શેવાળ) છે.

(2) તે દરિયાના નીચેના સ્તરમાં રહે છે.

(3) તે કાર્બન ડાયોકસાઈડનું શોષણ કરે છે.

(4) તે કેલ્શિયમ કાર્બોનેટના નિર્માણમાં ફાળો આપે છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ કોકોલિથોફોર એ એક–કોષીય આલગી છે, જે વિશ્વના સમુદ્રોના ઉપરના સ્તરમાં રહે છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ દરિયાઈ ફાયટોપ્લાન્કટન (**Phytoplankton**) કે જે કેલ્શિયમ કાર્બોનેટનું નિર્માણ કરે છે તેમને કેલ્શિયમ આપવામાં કોકોલિથોફોર મહત્ત્વનો ભાગ ભજવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ કેલ્શિયમ કાર્બોનેટની પ્લેટના નિર્માણ દરમિયાન કાર્બન ડાયોકસાઈડ ઉત્પન્ન થાય છે. કોકોલિથોફોર પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા આ કાર્બન ડાયોકસાઈડનું શોષણ કરે છે. ઉપરાંત ઉત્પન્ન થતાં $CO_2$ કરતાં તે વધારે પ્રમાણમાં $CO_2$નું શોષણ કરે છે. આથી, તે દરિયાઈ ઈકોસિસ્ટમ માટે લાભદાયક છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT